
ગિરનાર
દર્શનયાત્રા

# ગિરનારનો મહિમા ન્યારો... તેનો ગાતા ના આવે આરો..

दीक्षाकेवलं निवृति कल्याणत्रिकमनंततीर्थकृतां ।
युगपदथैकमभवन्, स जयति गिरनारगिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ-શ્લોક-૪)

જ્યાં અનંતા તીર્થંકર ભગવંતોની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષ એમ ત્રણ કલ્યાણકો એક સાથે થયા છે અને અનંતાનું મોક્ષકલ્યાણક થયું છે તે ગિરનાર ગિરિરાજ જય પામે છે.

स्वर्भूभूवस्थ चैत्ये वस्याकारं सुरासुरनरेशाः ।
सं पूजयन्ति सततं, स जयति गिरनार गिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ-શ્લોક-૫)

સ્વર્ગલોક, પાતાળલોક અને મૃત્યુલોકના ચૈત્યોમાં સુર, અસુર અને રાજાઓ જેના આકારને હંમેશા પૂજે છે તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यस्था अपि भविनो, यद्ध्यानाद् घातिकर्ममलमुक्तः ।
सेत्स्यंति भवचतुष्के, स जयति गिरनार गिरिराजः ॥
(શ્રી ગિરનાર મહાતીર્થકલ્પ-શ્લોક-૧૯)

બીજા સ્થાનમાં પણ રહેલા (અર્થાત્ ગિરનારથી દૂર ઘર-દુકાન-દેશ-વિદેશ ગમે તે સ્થાનમાં પણ રહીને) જે ભવ્ય જીવો ગિરનારનું ધ્યાન ધરે છે તે જીવો ઘાતીકર્મના મલ દૂર કરી ચાર ભવમાં મોક્ષ પામે છે, તે શ્રી ગિરનાર ગિરિરાજ જય પામે છે.

अन्यत्रापि स्थितः प्राणी, ध्यायन्नेनं गिरीश्वरम् ।
आगामिनि भवे भावी, चतुर्थे किल केवली ॥
(વસ્તુપાળચરિત્ર-પ્રસ્તાવ-૫, શ્લોક-૮૫)

અન્ય સ્થાને (ગિરનાર સિવાય) પણ રહેલો જીવ આ ગિરનાર ગિરીશ્વરનું ધ્યાન ધરે તો તે આગામી ચાર ભવમાં કેવલીપણાને પામી, મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

महातीर्थमिदं तेन, सर्वपापहरंस्मृतम् । शत्रुंजयगिरेरस्य, वन्दने सद्दश फलम् ॥
विधिनास्य सुतीर्थस्य, सिद्धान्तोक्तेन भावतः । एकशोऽपिकृता यात्रा, दत्ते मुक्तिं भवान्तरात् ॥ (વસ્તુપાળચરિત્ર-પ્રસ્તાવ-૫, શ્લોક-૮૦/૮૧)

ગિરનારનો અનેરો મહિમા હોવાથી આ ગિરિવરને સર્વ પાપને હરણ કરનાર કહેલ છે તથા શત્રુંજય અને ગિરનારને વંદન કરવામાં બન્નેનું એકસરખું ફળ કહેવામાં આવેલ છે.

આ ગિરનાર મહાતીર્થની શાસ્ત્રાનુસાર ભાવપૂર્વક એકપણ યાત્રા કરવામાં આવે તો તે ભવાન્તરમાં મુક્તિપદને આપનાર બને છે.

**ગિરનાર તીર્થની યાત્રા કરવા વર્ષમાં એકવાર આવવાનો સંકલ્પ કરવો.**

# ગિરનાર દર્શનયાત્રા

**-: સંકલન :-**

યુગપ્રધાન આચાર્યસમ પ.પૂ.પંન્યાસ **શ્રી ચન્દ્રશેખરવિજયજી ગણિવર્ય**ના શિષ્ય
પ.પૂ. આચાર્ય **શ્રી ધર્મરક્ષિતસૂરીશ્વરજી મ.સા.**ના શિષ્ય પ.પૂ. આચાર્ય **શ્રી હેમવલ્લભસૂરીશ્વરજી મ.સા.**


**પ્રકાશક : ગિરનાર મહાતીર્થવિકાસ સમિતિ**

ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા, રૂપાયતન રોડ, મીનરાજ સ્કુલની સામે, ભવનાથ તળેટી,
જૂનાગઢ - ૩૬૨૦૦૧. ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯, મો. : ૯૪૦૯૬૮૫૯૯૯

**E-mail :** girnarbhakti@gmail.com
**Web :** www.girnarbhakti.com • www.girnarmahatirth.org • www.girnarjaintirth.com • www.girnardarshan.com

**પ્રથમ આવૃત્તિ :** ૩૦૦૦ નકલ

**શ્રી નેમિનાથ મોક્ષ કલ્યાણક દિન**
વિ.સં. ૨૦૭૩, અષાઢ સુદ ૮

**કિંમત :** રૂ. ૫૦/-

**• પ્રાપ્તિ સ્થાન •**

**ગૌરવશાળી ગિરનારદર્શન ધર્મશાળા,** જૂનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૫૭૦૯૯/૧૯૯
મો. : ૯૪૦૯૬૮૫૯૯૯

**વર્ધમાન સંસ્કારધામ,** ઓપેરા હાઉસ, મુંબઈ.
ફોન : ૦૨૨-૨૩૬૮૦૯૭૪

**આગમ બુક ડેપો,** ભાવનગર.
મો. : ૯૪૨૭૧૪૫૧૯૯,
૯૪૨૬૨૫૫૫૨૦ (જયેશભાઈ)

**ભગીરથ ઈલેક્ટ્રોનીક્સ,** અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૭૫૪૬૨૩૮.
મો. : ૯૮૨૫૨૮૮૯૯૧ (ભગીરથભાઈ)

**સમકિત ગ્રુપ,** ગોરેગાંવ (મુંબઈ)
મો. : ૯૮૨૧૩૨૭૩૮૮

ધન ધન શ્રી ગિરનારને રે, તાર્યા અરિહા અનંત સલૂણા;
એ ગિરિવરને ફરસતા રે, આતમ નિર્મલ થાય સલૂણા...





ગિરનારની ટોચે દાદા નેમિનાથ, તળેટીએ સોહે દાદા આદિનાથ...



સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢ્યો ગઢગિરનાર;
સહસાવન ફરશ્યો નહીં, એનો એળે ગયો અવતાર.
દીક્ષાકલ્યાણકભૂમિ
સહસાવન
કેવળજ્ઞાનકલ્યાણકભૂમિ
સહસાવન
જય તળેટી
વસુધાના વૈભવનું સાચું સરનામું..., પવિત્ર ગિરનારની પાવનકારી તળેટી



ગરવા ગિરનારનું મંગલ દ્વાર... નેમિપ્રભુના પ્રેમનું પ્રવેશ દ્વાર



પગલે પગલે ચાલવા... પ્રભુના પગલાની પાવન સ્પર્શના...
મા અંબિકા ! અમને યાત્રામાં સહાય કરશોને !


કલિકાળમાં તારણ-તરણ,
ગિરનાર ગિરિવર ધન્ય છે !
નેમિનાથને ભેટાડનારી,
સોપાન શ્રેણી ધન્ય છે !








તડકે શ્રમિતને શાંતીદેતી,
મેઘમાલા ધન્ય છે !
ક્ષણભર વિસામો આપતાં,
વિશ્રાંતિ સ્થળને ધન્ય છે !








પગથિયાની પ્રતિષ્ઠા અને પાલન કરનાર
ગિરનારપ્રેમી પુણ્ય પ્રભાવકોના **શિલાલેખો...**



અંદર બેઠાં દાદા અંતરમાં આવો ને !
(લગભગ ૨૭૫૦ પગથિયે)

આ તીર્થભૂમિએ પક્ષીઓની, છાયા પણ આવી પડે;
ભવભ્રમણ કેરાં દુર્ગતિના, બંધનો તેનાં ટળે...




સમયની સત્તાએ પથ્થરો ઉપર પડેલા
દસ્તાવેજી દાખલા...

## મિલનનો મંગલવાદ

### આ ઝરૂખાની ગોખથી રેલાય છે...




પ્રભુ !
તારી પાસે આવવાનું
પ્રવેશ દ્વાર !
સઘળી ઈચ્છાઓનું
પૂર્ણવિરામ !
M.K.S.


પ્રભુ !
તારા પરિસરમાં
પ્રવેશ...
હરશે મારા અંતરનો
ક્લેશ...

## કર્ણવિહાર પ્રાસાદની ભવ્યતાનું સીધું પ્રસારણ...






હે મા !

આપતો પ્રભુજીવી આત્માઓની
હેલ્પલાઈન છો...
તારો ઉપકાર શેં ભૂલાય !



આ ભક્તિભૂમિનો અલખ ધૂણો એટલે દાદાનો રંગમંડપ
દિવસ-રાત અહીં ભક્તિભાવનો પ્રચંડ પાવક...

પ્રતિ રોમમાં, પ્રતિ શ્વાસમાં,
પ્રતિ પલકમાં પ્રભુ તું જ છે,
આ સૃષ્ટિમાં કરૂં દૃષ્ટિ જ્યાં,
તે દૃશ્યમાં પ્રભુ તું જ છે;
પ્રતિ અણુ અને પરમાણુમાં,
સંભળાય સૂર તુજ નામના,
ઉપકારકારી નેમિવરને,
ભાવથી કરૂ વંદના...






કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી અને ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજા !


પ્રભુ વીર ! તેરે ચરણકી શરણ ગ્રહું...






આદિ જિણંદ દયાલ હો...
મોહે લાગી લગનવા...
ભવ્ય દેવળના પડછાયામાં પલળતું
આદિજિનનું દેવળ...





દેરીમાં સોહે
નેમિપ્રભુના ચરણ,
રણપ્રદેશમાં જાણે
મીઠું મધુર ઝરણ...




ગુરૂકૃપાથી સે પ્રભુ મીલે
પ્રભુકૃપા સે ગુરૂ મીલે...
કોટી કોટી વંદના...



ઈન્દ્રમંડપ કે સ્નાત્રમંડપ... ભક્તિના પ્રદેશનું પ્રવેશ દ્વાર



નંદીશ્વરજી તીર્થની ભવ્યતા ગાતો
નંદીશ્વર તીર્થપટ



આવતી ચોવીસીની નિર્વાણભૂમિએ
વર્તમાન ચોવીસીના પ્રમુખ નિર્વાણ સ્થાન
(સમેતશિખરજી તીર્થપટ)

કરૂણાનું ઝરણ...
મીઠું તારું સ્મરણ...
દિલમાં થતું તારું અવતરણ...
નામ તમારું અમીઝરણ

**અમીઝરા પાર્શ્વજિનને**
**વંદના...**




સમ્યક્ત્વની સરગમ રેલાવતાં

**પુણ્યવંતા શ્રાવકોના સર્જન...**





પંચમેરુનું પુણ્યધામ...


અદબદજી દાદા
એટલે
અદ્ભુત આદિનાથ !
નમો જિણાણં !


વિશાળ રંગમંડપ... મેરકવસીનો જિનાલયનો...
જાણે પ્રભુ સાથે ગોષ્ઠીનો મંડપ !





રોમન શૈલીના આધુનિક મુખાકૃતિઓમાં વિસ્તરેલ
પંચાંગવીર તથા વિષ્ણુગોપ લીલાનું દૃશ્ય !





આદિજિન નિર્વાણથી પુણ્યવંત અષ્ટાપદતીર્થને વંદના...



પ્રભુ
તમારું રૂપ
બદલાય...
એ જોતાં જોતાં...
અમારું સ્વરૂપ
બદલાય...







પથ્થર ઉપર ફુલ ખીલ્યા હોય એવી...
કળા કોતરણીકારકને અહોભાવથી વંદન...
કલાનો વિસ્તાર પ્રભુની ભક્તિથી
અહીં ભીનો ભીનો બન્યો છે...


સંગ્રામસોનીની ટૂંકના
ભવ્ય જિનાલયના
મીઠાંદર્શન...
''નમો જિણાણં''



મંઝીલવાળો રંગમંડપ ભક્તિભાવનો સૂરમંડપ





એ જનનીને પણ વંદન...
જેણે જગત્પિતાની
ભેટ ધરી...
(ચોવીસજિનમાતાનો પટ)


સુરલોકવાસી જીવોનું
ભક્તિક્ષેત્ર એટલે
**નંદીશ્વરદ્વીપ !**


કુમારપાળનું દિવ્ય દેવાલય ગઢ ગિરનારે અતિસોહાય...
અભિનંદન સ્વામીને કોટી કોટી વંદન...



રંગમંડપમાં બારમાસી વસંત જેવી કળાનું કામણ આંજ્યુ છે...


ભીમા સાથરીયાનું કામ નાનું પણ અમર બનાય તેવું...
ગિરનારનો પ્રેમ બધાયને અમર બનાવી દે છે...


મંદિર નાનું... પણ મનડું મોટું...
હે ચન્દ્રપ્રભસ્વામી !
અમારા અંતરને અજવાળો !


દિવ્ય દેવાંગનાઓ નિત્ય
પ્રભુભક્તિ કરે
એવો ભક્તિમંડપ !

ત્રણ ત્રિભુવનની સરિતા તણા, સુરભિ પ્રવાહને ઝીલતાં;
જે જલ ફરસતાં આધિ-વ્યાધિ, રોગ સૌના ક્ષય થતાં... એ ગજપદ કુંડ




સંભવ જિનવર વિનતિ !
અવધારો ગુણ જ્ઞાતા રે...
ખામી નહીં મુજ ખીજમદે
કદિએ હોસો ફળદાતા રે...



યાત્રિકો, ડોળીવાળા સૌને મીઠું જલ આપતો
આ છે ગિરનારનો સુરજકુંડ !


વસ્તુપાળને તેજપાળના ભવ્ય જિનાલય ગિરનારે...


અંદર પ્રવેશતાં જ પ્રભુના થઈ જાવ !
એવું નિરવ શાંતિનું સ્થળ ! મારા શામળા છો નાથ !



સમવસરણની મનોરમ્ય પ્રતિકૃતિ...
ઉપર ચઢતાં ખ્યાલ આવે કે ભવ્યતા કોને કહેવાય !


સમવસરણની પ્રથમ ગઢની શોભા...
વસ્તુપાળ-તેજપાળ જિનાલયે વંદન...


કલાનું અવતરણ આ સ્વરૂપે !
ક્યારેય કલ્પના ન થઈ શકે... સંપ્રતિ મહારાજાનું જિનાલય...


ગુમાસ્તાનું જિનાલય !
સંભવનાથ દાદા અમારામાં આત્મગુણોનો સંભવ કરો !



## પુણ્યની ફીક્સ ડિપોઝીટ એટલે

# આ સંપ્રતિ મહારાજાનું જિનાલય...



કલાની અધિષ્ઠાયિકાના અધિષ્ઠાનો સમ જિનાલયના
રંગમંડપની કલાત્મક છત...



થોડી ક્ષણ આ **મનોહર કોરણી** તીર્થને સમર્પિત કરી દઈએ...



ઝરૂખાની બહારની ભાગે આછેરી **કોરણીને** મન ભરીને માણી લેવાનું મન થાય...




હે શારદે મા !


હે શારદે મા !

અજ્ઞાનતા સે હમેં તાર દે મા !


જ્ઞાનવાવની સમીપે આવેલું રમણીય જિનાલય

**મૂળનાયક સંભવનાથ દાદા...**




શ્રેષ્ઠિ ધરમશી હેમરાજે
બાંધેલું પ્રભુનું જિનાલય...
શાંતિનાથ દાદાને
વંદન... વંદન... વંદન...


જોરાવરમલ્લજીએ
સમારકામ કરાવેલું આ જિનાલય...
પ્રભુભક્તની ભક્તિ અને
શ્રદ્ધાના ગીત ગાતું જિનાલય...



પુણ્યવંતા
પ્રેમની ગાથાએ
જે ગિરનારને
મહેંકતો કર્યો
એ નમણી નાર
રાજુલની ગુફા



સાધનાભૂમિ :
સંવેગીમુનિ
પ્રેમચંદજીની
ગુફા


ચૌમુખજી જિનાલયના નેમિપ્રભુ
ચારગતિના ભ્રમણ કરે દૂર...






ગૌમુખી ગંગા મંદિરમાં

**ચોવીસ જિનના પગલાને**


નમો જિણાણં...


નેમિજિન સમીપે વ્રતગ્રહણ કરી સાધના કરી
પરમાત્મસ્વરૂપ સિદ્ધ કરનાર
રહનેમિ જિનને વંદના...


અંબાજીમાં શાંબકુમારના
ચરણપાદુકાને અનેક અનેક વંદન...


ચોથી ટૂંક તરફ જતા પરાક્રમી
પ્રદ્યુમ્નકુમારજીના
ચરણ પાદુકાને
ભાવથી વંદન...



સાધનાભૂમિ જ સિદ્ધભૂમિ બની
એ નિર્વાણભૂમિને પણ
અહોભાવથી વંદના...


ઈતિહાસ એવું કહે છે કે
વર્ષો પૂર્વે **પ્રભુ શંખેશ્વર પાર્શ્વનાથજી**
અત્રે પૂજાયા હતા...

## ગિરનારનો વૈભવ જેના ચરણોમાં ઢળી જાય છે

## એ ચૌદ ચૌદ જિનાલયોનું વિહંગાવલોકન...




હજારો આંબાએ ધરીને સાચવ્યું એ
પ્રભુદીક્ષા અને પ્રભુકેવલનું પાવન સ્થાન એટલે
સહસાવન...


પ્રભુના સમવસરણની
સ્થાપના એટલે આ
પ્રભુનું જિનાલય...



નીરખ્યો નેમિ જિણંદને
અરિહંતાજી...
જીવીતસ્વામી નેમિનાથ
પરમાત્માને
અનંત અનંત વંદના...




વરદત્તાદિ
૧૮ ગણધરોને
વંદના...
ગુણધારી બનવા
ગણધરોને વંદીએ...


અનાગત જિનવર સવિ અહીં પામશે શિવપુર ધામ...
અતીત દસ જિનવર અહીં પામ્યા શિવપુર ધામ...


સમવસરણમાં બિરાજમાન
નેમિપ્રભુનું
મનોહારી દર્શન...



સમવસરણ જિનાલયની
શંખગુફામાં
પ્રભુને નમન...



કાયા કસી આયંબિલ-ઉપવાસ કરી,
જીવનમાં નિસ્પૃહતાને,
આણજિનની વહી સદા રગરગમાં
એવા સહસાવન તીર્થોદ્ધારક

## આચાર્ય હિમાંશુસૂરિને

વંદના...


સર્વવિરતિના મંડાણથી
મંડિત થયેલ ધરા એટલે
સહસાવન તીર્થ



પ્રભુ નેમિજિનના
પવિત્ર ત્યાગની સુગંધ
આજે પણ
આ પગલામાંથી
પ્રસરે છે...

કેવલજ્ઞાન પ્રભુ

પામ્યા અને

કેવલજ્ઞાન કલ્યાણકનો લાભ

આ લીલૂડી ધરતી

પામી...




વંદન પ્રભુ ચરણોને...
વંદન એ પુણ્યધરાના કણ કણ ને...
ધન્ય જેણે પ્રભુને સાચવ્યા...
ધન્ય જેણે પ્રભુને સાધ્યા...



-: સૌજન્ય :-

**ધ્યાનિતકુમાર ઉર્વિશભાઈના જન્મદિન નિમિત્તે**

(અમદાવાદ)


સહસાવન જિનાલય
Created by
Kirit B. Vadecha